**CRMA No .૭૯/૨૦૨૬**

**અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સહિતા ૨૦૨૩ ની કલમ ૪૯૭ તથા ૫૦૩ મુજબની આંક–૧ની અરજી લગત હુકમ:**

---

**૧.** અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

**૨.** હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ છે. જે બનાવમાં અરજદારના ધી અહેમદબાદ કો.ઓ. બેંક ''મોટા ગોરૈયા'' બ્રાંચના ખાતા નં. ૧૦૭૦૧૬૮૬૭૧૪૮ માં થી રૂા.૧૨,૦૦૦/–, રૂા.૧૬,૯૪૫/–, ૧૮,૯૦૦/–, રૂા.૧૭,૦૦૦/– તથા તેઓના કોટક મહીન્દ્રા બેંક વિરમગામ બ્રાંચના ખાતા નં. ૮૬૫૦૨૬૧૨૦૮ માંથી રૂા.૨,૦૦૦/–, રૂા.૨,૦૦૦/–, રૂા.૧,૦૦૦/–, રૂા.૧૬,૯૪૬/– મળી કુલ રૂા.૮૬,૭૮૧/– ટેલીગ્રામ ચેનલના માધ્યમથી રોકાણ કરેલ અને સદર રકમ તેઓના કહેવા મુજબ ટ્રન્સફર કરેલ. ત્યારબાદ તેઓના ઉપરોકત પૈસા પરત ન આવતા તેઓને જાણ થઈ ગયેલ કે તેઓ સાથે સાયબર ફ્રોડ જેની જાણ થતા જે બાબતે ૧૯૩૦ નંબર ઉપર ફરીયાદ નોંધાવેલ હતી અને એકનોલેજમેન્ટ નં. ૩૧૧૦૨૨૬૦૦૨૮૨૯૨ થી નોંધેલ. જે સબબ નેશનલ સાયબર ક્રાઈમ શાશ્વત ટીમ તથા વિરમગામ ટાઉન પોલીસ દવારા નીચે મુજબના ખાતાઓમાં નાણા ફ્રીઝ કરાવેલ હતા.

| ક્રમ | બેંકનું નામ | ખાતા નંબર | ફ્રીજ કરેલ રકમ |
|---|---|---|---|
| 1. | HDFC BANK | 50200027864076 | 2000/– |
| 2. | INDIAN BANK | 8180136752 | 673/– |
| 3. | STATE BANK OF INDIA | 44654968583 | 790/– |
| 4. | CANARA BANK | 36842200259347 | 501.42/– |
| 5. | HDFC BANK | 50100111660068 | 1000/– |
| 6. | STATE BANK OF INDIA | 38650861344 | 6,100/– |
| 7. | STATE BANK OF INDIA | 41145222015 | 1437/– |
| 8. | DCB Bank | 43913300001229 | 16,946/– |
| 9. | HDFC Bank | 50200027864076 | 1000/– |

| | | | |
|---|---|---|---|
| 10. | The Ahmedabad District Co-Operative Bank Ltd. | 0000010701753935 3 | 509/- |
| 11. | Canara Bank | 74032010043457 | 992/- |
| 12. | HDFC Bank' | 50100596426931 | 13.48/- |
| 13. | IDBI Bank | 0883104000138765 | 86,66.54/ |
| 14. | Central Bank Of India | 5162386800 | 130.61/- |
| 15. | Punjab National Bank | 0896002100017756 | 18,900/- |
| 16. | Indian National Bank | 8180136752 | 12,000/- |
| 17. | Citi Bank | 521752076 | 1000/- |
| 18. | Citi Bank | 521752076 | 1000/- |
| 19. | Citi Bank | 521752076 | 2000/- |
| 20. | Indian Post Payment Bank | 024610788091 | 1751.44/ - |

આમ ઉપર મુજબ તેઓ અરજદારને વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ સાઈબર કમ્પ્લેંટ એકનોલેજમેન્ટ નં. ૩૧૧૦૨૨૬૦૦૨૮૨૯૨ ને લગત નેશનલ સાયબર ક્રાઈમ ટીમ તેમજ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન દવારા ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણાં ઉપરના સામાવાળાના બેંકના ખાતામાં બી.એન.એસ.એસ.ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે તેઓને ખુબજ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપિયાની જરૂર હોય સદર નાણાં તેઓના ખાતા માંથી નાણા ગયેલ છે તે ખાતામાં પરત અપાવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

**3.** સદર કામે વિરમગામ ટાઉન પો.સ્ટેને રીપોર્ટને યાદી કરતા તેઓએ તેમના રીપોર્ટમાં સદરહુ કામમા ફરીયાદી/અરજદાર સાથે થયેલ ઓનલાઈન ફ્રોડના કામે પૈસા ફ્રીઝ થયેલ છે જે નાણા સામાવાળાની બેંકમાથી અરજદારના ખાતામા જમા થાય તો આપવા સામે વાંધો ન હોવાનુ જણાવેલ છે. વધુમાં સદર ખાતુ ફ્રીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ ખાતા સીઝ કર્યા બાબતનો કોઈ વાંધો તકરાર જણાવેલ નથી.

**૪.** સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેંક પાસબુકની નકલ ધ્યાને લેતાં તેમજ અરજદારનું એકાઉન્ટ હોવાની વિગતો જણાવેલી છે. અરજદારની કમ્પલેઈનમાં અરજદારની વિગતો

તથા આ કામે આવેલ પોલીસ અભીપ્રાયની વિગતો ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદારેના ધી અહેમદબાદ કો.ઓ. બેંકના ખાતા નં. ૧૦૭૦૧૬૮૬૭૧૪૮ માંથી કુલ રૂા.૬૪,૮૪૫/– તથા કોટક મહીન્દ્રા બેંકના ખાતા નં. ૮૬૫૦૨૬૧૨૦૮ માંથી કુલ રૂા. ૨૧,૯૪૬/– તેમજ મળીને કુલ રૂા.૮૬,૭૯૧/– સદર નાણાં ઉપરોકત શંકાસ્પદ બેંકોમાં સામાવાળાના ખાતામાં ગયેલ હોવાનું જણાઈ આવે છે જેમાં ઉપર જણાવેલ સામાવાળાના બેંક ખાતામાં જુદી જુદી રકમ ગયેલ હોય અરજદાર દવારા ફરીયાદ નોંધાવેલ હતી જે ફરીયાદ તા.૦૬–૦૨–૨૦૨૬ ના રોજ નોંધાયેલ હતી. આમ સદર હકીકત ધ્યાને લેતાં અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું શંકાસ્પદ  બેંકના ખાતામા ટ્રાન્સફર થયાનું હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદિન સુધી કોઈ એફઆઈઆર થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતુ નથી તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતુ નથી તથા સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી અત્રેનીઅદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

૫. આ તબકકે સદર નાણાં પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૫૦૩ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

503. Procedure by police upon seizure of property.
(1)Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code, and such property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property.
(2)If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation.

**૬.** આમ, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૫૦૩(૧) મા જણાવ્યા મુજબ જયારે કોઈ પણ પોલીસ અધિકારી દ્વારા મીલકતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામા આવે અને તપાસ

દરમ્યાન આવી મીલકત અદાલત સમક્ષ રજુ કરવામા આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટને આવી મીલકતના નીકાલ અથવા તો કબજા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવામાં આવેલ છે તદઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગોવિંદભાઈ તેજાભાઈ બારીયા વિરુધ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૧(૨) જી.એલ.એચ.૭૨૬ ના કેસમા પેરા નં.(૯.૨), (૧૦) તથા (૨૨) મા પણ નીચે મુજબ ઠરાવેલ છે.

9.2 ..............................................Shri Pandya has cited so many authorities with regard to legal possession of Sec. 451 and Sec. 452 of Cr.P.C. Here in this case owner lodged a complaint in the police station for which offence has been registered for theft having been committed in respect of two vehicles. That two vehicles have been found from the possession of the purchaser but at the same time the Investigating Officer has come to a conclusion that complainant has filed a false case and therefore muddamal vehicles are seized during the course of the police investigation and Investigating Officer has reported about such seizure of two vehicles, from the purchaser to the Court and therefore Sec. 457 of Cr.P.C. will be applicable. In no case Sec. 451 Cr.P.C. will be applicable to this case. Sec. 457 of Cr.P.C. reads as follows:

"Sec. 457 Procedure by police upon seizure of property:

(1) Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code, and such property is not produced before a Criminal Court during an inquiry of trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property."

(2) If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists,and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation."

10. On reading aforesaid section, it is crystal clear that words "may make such order as he thinks fit" are of much importance. When word `may' is used discretion has been given to the learned Magistrate, of course that discretion is to be exercised judicially keeping in mind the well settled principles of law.The words "to the person entitled to the possession thereof" are also important and relevant. From the papers if the learned Magistrate has come to a conclusion that particular person is entitled to the possession of the vehicles then he can pass the order directing the muddamal article to be handed over to that person. From record it appears that the purchaser has paid Rs.3,10,000/- to the owner of the vehicles and society was knowing about the fact that owner has already sold vehicles to purchaser.

22. As discussed earlier, when the learned Magistrate has followed the decision of this Court, in Hussain Amibhai Qureshi (Supra), it cannot be said that he has

passed an order contrary to well settled legal position with regard to return of muddamal articles under Sec. 457 of Cr.P.C. pending the inquiry.

**૭.** આ કામે નામદાર સુપ્રિમ કોર્ટની ઉપરોકત ઓથોરીટીઓમાં પ્રસ્થાપિત કરવામા આવેલ સિંધ્ધાતો તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૯૭ વંચાણે લેતાં અદાલતને મિલકત સીઝ કર્યા અંગેનો રીપોર્ટ મળે તો તે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૪૯૭ મુજબ યોગ્ય લાગે તેવો હુકમ કરી શકે છે તેવું પ્રસ્થાપિત થાય છે. આ કામે સાયબર ક્રાઈમ પો.સ્ટે.મા ટોલ ફ્રી નં.૧૯૩૦ પર ફરીયાદ નોંધવામાં આવેલ છે જે ફરીયાદના આધારે અરજદારને ટીકીટ નં.૩૧૧ ૦૨૨૬૦૦૨૮૨૯૨ થી આપવામાં આવેલ. આ ફરીયાદના આધારે વિરમગામ ટાઉન પો.સ્ટે. એ કોઈ તપાસ કરેલી નથી પરંતુ માત્ર નાણા ફ્રીઝ કરેલ છે અને તે અંગેનો અભિપ્રાય તેઓના દવારા આપવામાં આવેલ છે. જેથી આ અદાલતને ફરીયાદીના ફ્રીઝ થયેલા નાણા રીલીઝ કરવાનો હુકમની સતા મળે છે. અભિપ્રાય મુજબ ફરીયાદી સાથે સાયબર ફ્રોડ થયેલો છે. અને ફરીયાદીના નાણા પરત આપવામાં આવે તો તપાસ કરનાર એજન્સીને વાંધો નથી તે મતલબનો રીપોર્ટ આપેલ છે. જે રીપોર્ટના આધારે વચગાળાની કસ્ટડીએ નીચેના કોષ્ટકમાં જણાવેલ વિગતે રકમ અરજદાર મેળવવા હકદાર બને છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની અરજી આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૯૭ અને ૫૦૩ હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

તપાસ કરનાર અમલદારે અરજદારના બેંક ખાતામાં સાયબર ફ્રોડમાં ગયેલ પૈસા પરત મળી આવે તે રીતે ફ્રીઝ કરવાનો હુકમ રીલીઝ કરવો. અરજદારે આ કામે ફ્રીજ થયેલ રકમના દોઢી રકમના જામીન ખતના બોન્ડ આપવા.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદારના ધ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમા આપેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ નીચે કોષ્ટકમાં જણાવેલ બેંકોને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબના જાત જાતીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં તેમની બેંકમાના એકાઉન્ટમાં અરજદારના જે રૂપિયા પોલીસ અભીપ્રાય નીચેના કોષ્ટકમાં જણાવેલ વિગતોમાં જમા છે તે રકમ અરજદારના The Ahmedabad District Co–Operative Bank. ખાતાનં.૧૦૭૦૧૬૮૬૭૧૪૮ (આઈ.એફ.સી.કોડ– GSCB0ADC185) માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

| ક્રમ | બેંકનું નામ | ખાતા નંબર | ફ્રીજ કરેલ રકમ |
|---|---|---|---|
| 1. | HDFC BANK | 50200027864076 | 2000/– |
| 2. | INDIAN BANK | 8180136752 | 673/– |

| | | | |
|---|---|---|---|
| 3. | STATE BANK OF INDIA | 44654968583 | 790/- |
| 4. | CANARA BANK | 36842200259347 | 501.42/- |
| 5. | HDFC BANK | 50100111660068 | 1000/- |
| 6. | STATE BANK OF INDIA | 38650861344 | 6,100/- |
| 7. | STATE BANK OF INDIA | 41145222015 | 1437/- |
| 8. | DCB Bank | 43913300001229 | 16,946/- |
| 9. | HDFC Bank | 50200027864076 | 1000/- |
| 10. | The Ahmedabad District Co-Operative Bank Ltd. | 00000107017539353 | 509/- |
| 11. | Canara Bank | 74032010043457 | 992/- |
| 12. | HDFC Bank' | 50100596426931 | 13.48/- |
| 13. | IDBI Bank | 0883104000138765 | 86,66.54/ |
| 14. | Central Bank Of India | 5162386800 | 130.61/- |
| 15. | Punjab National Bank | 0896002100017756 | 18,900/- |
| 16. | Indian National Bank | 8180136752 | 12,000/- |
| 17. | Citi Bank | 521752076 | 1000/- |
| 18. | Citi Bank | 521752076 | 1000/- |
| 19. | Citi Bank | 521752076 | 2000/- |
| 20. | Indian Post Payment Bank | 024610788091 | 1751.44/- |

## -:: શરતો ::-

ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હકક/હિત પુરવાર કરે તેવા સંજોગોમા અરજદારે સદર રકમ અત્રેની અદાલતમાં રજુ કરવાની રહેશે.

ઉપર્યુકત શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ્દ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજરોજ તારીખ:-૧૧મી,માહે:-માર્ચ-સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વિરમગામ

તા.૧૧/૦૩/૨૦૨૬

(ધનંજય જગદીશચંદ વ્યાસ)
એડી.ચીફ જયુડી. મેજી.વિરમગામ
જીજે ૦૧૨૬૩

//પી.એ. આર.બી.ભાસ્કર//